પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૨) અંક નં. ૪૯ | ૩૦ એપ્રિલ, ૨૦૧૭, રવિવાર ; વૈશાખ સુદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## કુમાર વિશ્વાસને મુખ્યમંત્રી બનાવવા આપમાં ઉઠેલી માગ



નવી દિલ્હી,તા. ૨૯

દિલ્હી એમસીડી ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની કારમી હાર થયા બાદથી દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની મુશ્કેલી સતત વધી રહી છે. અરવિંદ કેજરીવાલ સામે ઘણા સભ્યો બળવાના મૂડમાં દેખાઈ રહ્યા છે. આવા આવી રહેલા અહેવાલ વચ્ચે દિલ્હી ભારતીય જનતા પાર્ટીના પ્રવક્તા તેજેન્દરપાલ એસ બગ્ગાએ આજે કહ્યું હતું કે આમ આદમી પાર્ટીના ૩૪ ધારાસભ્યો દિલ્હીના મુખ્યમંત્રી તરીકે કુમાર વિશ્વાસને જોવા ઈચ્છુક છે. બગ્ગાએ આ સપ્તાહની શરૂઆતમાં આક્ષેપ કર્યો હતો કે એમસીડીની ચૂંટણીમાં હાર થવાની સ્થિતિમાં કેજરીવાલના રાજીનામાની ૩૪ ધારાસભ્યો માંગ કરશે. ત્રણ દિવસ બાદ દિલ્હી સુધરાઈ ચૂંટણીમાં આમ આદમી પાર્ટીની કારમી હાર થઈ હતી.

## ત્રિપલ તલાકના મુદ્દાને રાજકીય રંગ નહીં આપો : નરેન્દ્ર મોદી

**ત્રિપલ તલાકના મુદ્દે છેડાયેલી ચર્ચા વચ્ચે વડાપ્રધાનની સલાહ : મુસ્લિમ સમુદાયના લોકો આગળ આવીને આ દુષણનો અંત લાવવા પહેલ કરે તે જરૂરી છે : દુનિયાભરના મુસ્લિમ દેશોને રસ્તો બતાવવાનો સમય છે**

નવી દિલ્હી, તા.૨૯

દેશભરમાં ત્રિપલ તલાકના મુદ્દા ઉપર ગરમા ગરમ ચર્ચા છેડાયેલી છે ત્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક કાર્યક્રમમાં કહ્યું હતું કે આ મુદ્દાને રાજકીય ચશ્માથી જોવાની જરૂર નથી. ત્રિપલ તલાકના મુદ્દાને રાજકીય રંગ આપવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. વડાપ્રધાન મોદીએ મુસ્લિમ સમાજના લોકોને અપીલ કરી છે કે તેઓ આની સામે મેદાનમાં આવે અને આ દુષણને દુર કરવાની દિશામાં આગળ વધે. ૧૨મી સદીના સમાજ સુધારક વાસવાની જન્મ જયંતિના પ્રસંગે આયોજિત એક કાર્યક્રમમાં બોલતા મોદીએ કહ્યું છે કે મુસ્લિમ મહિલાઓ ત્રિપલ તલાકના વિરુદ્ધમાં છે. તેમને લાગે છે કે મુસ્લિમ સમાજમાં કેટલાક

● અનુસંધાન પાન-૭ પર

## દાઉદના સ્વાસ્થ્ય મામલે વિરોધાભાસી અહેવાલો

**ડોન દાઉદ ઈબ્રાહિમની હાલતને લઈને સસ્પેન્સ : દાઉદની હાલત ખૂબ જ ગંભીર હોવાનો પાકિસ્તાની મીડિયામાં દાવો : દાઉદ બિલકુલ સ્વસ્થ અને ફિટ હોવાનો છોટા શકીલે દાવો કરીને મીડિયા અહેવાલને રદિયો આપ્યો**

કરાચી,તા.૨૯

વર્ષ ૧૯૯૩માં દેશના વાણિજ્ય પાટનગર મુંબઈમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ બ્લાસ્ટના મુખ્ય આરોપી અને અંડરવર્લ્ડ ડોન દાઉ ઈબ્રાહિમની તબિયતને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ બનેલી છે. વિરોધાભાસી અહેવાલ દાઉદને લઈને આવી રહ્યા છે. પાકિસ્તાની મીડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ડોન દાઉદની હાલત ખૂબ જ ગંભીર છે અને તે પાકિસ્તાની કરાંચી હોસ્પિટલમાં જીવણ મરણ વચ્ચે છે અને અંતિમ શ્વાસો ગણી રહ્યો છે. ૬૧ વર્ષીય ડોન ઉપર હાર્ટઅટેક થયા બાદ તેની હાલત ગંભીર છે અને તેને કરાંચીમાં આગાખાન હોસ્પિટલમાં ખસેડવામાં આવેલો છે. તે હાલ વેન્ટીલેટર પર છે. બીજી બાજુ દાઉદના નજીકના સાથી છોટા શકીલે આ અહેવાલને રદીો આપ્યો છે અને કહ્યું છે કે દાઉદ બિલકુલ સ્વસ્થ અને ફિટ છે. ગઈકાલે રાતથી એવા અહેવાલ આવી રહ્યા હતા કે પ્રચંડ હાર્ટ અટેક થયા બાદ દાઉદની હાલત હાલ ખુબ ગંભીર બનેલી છે. તે જીવન મરણ

● અનુસંધાન પાન-૭ પર

For Sale & Rent
Showroom
2500 Sq. Ft.
Ground Floor,
SIDDHRAJ ZAVOLD,
Gandhinagar
76009 43249
90672 89397

સ્પે. ભાલીયા ઘઉંના
ખાખરા
શ્રી ભાગ્યલક્ષ્મી
મહિલા ગૃહ ઉદ્યોગ
પ્લોટ નં. ૧૪૭, શોપીંગ સેન્ટરની બાજુમાં, સેક્ટર-૮, ગાંધીનગર
મો. ૯૫૭૪૫ ૬૪૯૩૬

કેન્ટીન કોન્ટ્રાક્ટ
સ્કૂલ કેન્ટીન ચલાવવા આપવાની છે.
ગાંધીનગર સ્થિત પ્રખ્યાત શાળા માટે કેન્ટીન ચલાવી શકે તેવી અનુભવી વ્યક્તિઓએ સંપર્ક કરવો.
મો. : ૯૮૨૪૨ ૩૩૧૨૧

આજની મંગલ પ્રભાતે
શુભારંભ
સમય સાથે કદમ મિલાવતા અમે આરંભીએ છીએ...
અદ્યતન નવીન શો-રૂમ
KY કર્મયોગ
પ્લાય એન્ડ હાર્ડવેર
પ્લોટ નં. ૧૦૧/૧/૨, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર
: તારીખ :
૩૦/૪/૨૦૧૭, રવિવાર
: સમય :
સવારે ૯-૩૦ થી ૧૧-૦૦ કલાકે
Godrej | EUROPA THE REAL SECURITY | Bluecoat | OZONE FOR A SAFER WORLD | Hettich | Pidilite
નિમંત્રક
જીતેન્દ્રભાઈ દેવજીભાઈ પટેલ
મો. ૯૯૨૫૦ ૩૬૨૪૦
ભવાની સ્ટીલ ઈન્ડસ્ટ્રીઝ
જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર
પ્રદિપ નરસિંહભાઈ પટેલ
૯૯૨૫૦ ૩૭૯૪૦
પાર્થ ગ્રેનાઈટ એન્ડ માર્બલ
જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, ગાંધીનગર
કર્મયોગ પ્લાય એન્ડ હાર્ડવેરના મંગલાચરણે અમારી હાર્દિક શુભકામનાઓ સહ... પ્રગતિની શુભેચ્છાઓ....
શુભેચ્છક
પ્રભાત ટીમ્બર ટ્રેડર્સ
હલુકા કોમ્યુનિકેશન પ્રા. લિ.
ભારત ટીમ્બર
ભવાની સ્ટીલ ફેબ્રીકેશન
રાજધાની પ્લાયવુડ
રાજધાની હાર્ડવેર
રાજધાની ટીમ્બર
ઓમકાર એસેસરીઝ




## શ્રધ્ધાંજલિ સભા

(ચતુર્થ પૂણ્યતિથી)

સ્વ.તા.૩૦-૪-૨૦૧૩

### સ્વ.ફકીરભાઈ રઘાભાઈ વાઘેલા

(પૂર્વ કેબિનેટ મંત્રી, ગુજરાત સરકાર)



"રડયા 'બેફામ' સૌ મારા મરણ પર એજ કારણથી,
હતો મારોજ એ અવસર ને મારી હાજરી નહોતી "

શ્રધ્ધાંજલિ સભા : તા.૩૦/૦૪/૨૦૧૭, રવિવાર સવારે ૯ : ૦૦ વાગ્યા થી ૧ : ૦૦ સુધી

સ્થળ :- નિવાસ સ્થાન પ્લોટ નં ૧૦૬૪, હરિકૃપા સોસાયટી, સેક્ટર ૨/ડી, ચ/૨ સર્કલ ગાંધીનગર.

"પરમ કૃપાળુ, પરમાત્મા આપશ્રીના દિવ્ય સત્કર્મી, પૂણ્યશાળી, ધર્મિષ્ઠ અને પદ દલિતોના શુભચિંતક, પરોપકારી આત્માને સદ્‌ગતિ અને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના

### દલિત અધિકાર સંઘ - ગુજરાત પ્રદેશ હોદ્દેદારો

અલ્પેશ ફકીરભાઈ વાઘેલા
પ્રમુખ

જીતુભાઈ ફકીરભાઈ વાઘેલા
મેનેજીંગ ટ્રસ્ટી

**ઉપપ્રમુખશ્રીઓ**
- દેવજીભાઈ પરમાર - પાટણ
- મુકેશભાઈ પરમાર - ગાંધીનગર
- લાલજીભાઈ સોલંકી - જામનગર
- સવિતાબેન શ્રીમાળી - અમદાવાદ
- બાબુભાઈ રાવલીયા - જુનાગઢ
- મુળજીભાઈ રોહિત - નર્મદા

**મહામંત્રીશ્રી**
- મોહનભાઈ બોરીચા - ભાવનગર
- દિનેશભાઈ મકવાણા - અમદાવાદ
- રમણભાઈ પરમાર - સુરત
- એન. ટી. રાઠોડ - બનાસકાંઠા
- સુરેશભાઈ મકવાણા - નવસારી
- હંસાબેન શ્રીગોડ - આણંદ

**સંગઠન મંત્રીઓ**
- જી. બી. વાણીયા - કચ્છ
- વિનોદભાઈ સોલંકી - વડોદરા
- જ્યોતિબેન બગડા - ગાંધીનગર
- છગનભાઈ પરમાર - સાબરકાંઠા
- નરેશભાઈ મારૂ - સુરેન્દ્રનગર

**મંત્રીશ્રીઓ**
- જેઠાભાઈ વણકર - ખેડા
- હંસાબેન ગોહેલ - જુનાગઢ
- રમેશભાઈ પરમાર - મહેસાણા
- મધુબેન સેનમા - મહેસાણા
- વિજયભાઈ સોલંકી - વડોદરા

ડો. રમણભાઈ વાઘેલા - અમદાવાદ
કોષાધ્યક્ષ

શ્રી નયનકુમાર સોલંકી
કાર્યાલય મંત્રી

શ્રી ધર્મેન્દ્રભાઈ ભાલકીયા
લીગલ એડવાઈઝર

અશ્વિનભાઈ સક્સેના - જિલ્લા પ્રમુખ - બનાસકાંઠા
રમેશભાઈ ચૌહાણ - શહેર પ્રમુખ - સુરત
લાખાભાઈ બગડા - રાજકોટ
દૂધાભાઈ પરમાર - પ્રદેશ કારોબારી સભ્ય
કિરણાભાઈ મકવાણા - જિલ્લા પ્રમુખ - ખેડા
જીતુભાઈ માયાવંશી - જિલ્લા મહામંત્રી - ખેડા
પ્રદિપભાઈ પરમાર - પ્રમુખ, અમદાવાદ શહેર
નરેન્દ્રભાઈ ડાંગ - વલસાડ
પી. કે. પરમાર - પાટડી